सुबोध काव्य.

स्वामी भजनानंद कृत तथा संग्रह.

છપાવી પ્રસિદ્ધ કરનાર

પટેલ બેહેચર રણછોડ, નારણ મેઘજી તથા

વાલા કાન્હજી કાનાની

મુકામ જુનાસાવર



નકલ ૧૦૦૦

અમદાવાદ

ધી [illegible] યુનિયન પ્રિન્ટિંગ પ્રેસમાં

શા. ચેલાભાઇ નરસિંહદાસ મેહેતાએ છાપ્યું.

સંવત ૧૯૪૭ સન ૧૮૯૧

કીંમત ચાર આના

॥ श्री ॥

अथ इश्वर प्रार्थना दोहा.

શ્રી નારાયણ દેવને, પ્રેમે લાગું પાય;
જેની ભકિત કરયા થકી, જીવ મુકત થઇ જાય. ૧
એક અખંડ અજીત [૧]અજ, સુંદર શુકલ સ્વરૂપ;
સર્વ શકિત સંયુકત હરી, [૨]અખિલ ભુવનનાં ભૂપ. ૨
[૩]રકત [૪]કંજ કર શંખ ધર, ચક્ર ગદાદિક હાથ;
[૫]મમ ઉર મંદિરમાં તમે, રહેજો દીનાનાથ. ૩
શીશ મુગટ કુંડલ કરણ, ઉર મુગતાની માળ;
કોટિ ચંદ્ર [૬]સમ [૭]ચારૂ મુખ, [૮]અંબુજ નયન [૯]વિશાળ. ૪
કોટિ [૧૦]તડિત સમ પીત [૧૧] પટ, [૧૨]અધરબીંબ અતિલાલ;
દાડિમસમ અતિ દંત શુભ, હસત હસત ઉર [૧૩]રસાલ. ૫
[૧૪]કટિ [૧૫]કિંકણી કર મુદ્રિકા ચરણ ચારૂ શુભ રેખ;
મણિગણ સમનખ ચંદ્રિકા, ધ્યાન ધરત મુનિ દેખ. ૬
કોટિ [૧૬]શશિ સમ શિતલતા, કોટિ કામ અભિરામ;

---

૧ અજનમા. ૨ તમામ. ૩ રાતુ. ૪ કમળ. ૫ મારા. ૬ જેમ. ૭ સુંદર. ૮ કમળ. ૯ મોટા. ૧૦ બીજળી. ૧૧ વસ્ત્ર. ૧૨ હોટ. ૧૩ પીડા. ૧૪ કડ. ૧૫ કંદોરો. ૧૬ ચંદ્ર.

કોટિ [૧૭]ભાનુસમ [૧૮]ભાસકર, કોટિ કોટિ સુખ ધામ. ૭
વિષ્ણુ ઈંદ્ર [૧૯]અજ શેશજી, ધ્યાન ધરત મનમાય;
શિવ સનકાદિક સારદા, તે લાગત તુજ પાય. ૮
અનેક જનમના અઘજે, નાશ થાય નિરધાર;
એવા ગુણછે આપમાં, કરો દયા કિરતાર. ૯
ગજને ગિધ ગણિકા અધમ, અજામેળ અઘધામ;
ધ્રુવ શવરી પ્રલ્હાદને, તારનછો તમ રામ. ૧૦
વાલમીક નારદ વળી, અંગદને હનુમાન;
એવા જીવ અનેકને, પદ આપ્યું નિર્વાણ. ૧૧
[૧]અલ્પ મતિ કેમ વરણવું, મુખથી કહ્યું ન જાય;
વેદશાસ્ત્ર પુરાણ સહું, [૨]નેતિનેતિ જશ ગાય. ૧૨
કરચા કુકર્મ અજાણથી, કરિ ન તમારી યાદ;
પ્રભુ બાલક હું આપનો, ક્ષમા કરો અપરાધ. ૧૩
વારંવાર પ્રભુ આપજો, પ્રેમભકિત સતસંગ;
મુજ બુદ્ધિ શુદ્ધ રાખજો, પડે ન કેદી ભંગ. ૧૪
સત્ય ધર્મ ધારણ કરૂં, સત્ય કરૂં ઉપદેશ;
એવી સુશકિત આપજો, જય જગદીશ મહેશ. ૧૫
કાયક વાચક માનસિક, કર્મ કરયાં જે જાણ;

---

૧૭ સૂર્ય. ૧૮ પ્રકાશ કરનાર. ૧૯ બ્રહ્મા.
૧ થોડી. ૨ અપાર.

સમરપણ કરૂં સર્વ તે, વો મુજ ભકિત દાન. ૧૬
માયા મદ નહી મનમાં, કામક્રોધ જંજાળ;
નિયમ ભંગ કરશો નહી, સુણજો દીનદયાળ. ૧૭
ગાય શિખેને સાંભળે, ભજનાનંદ ભવમાય;
નરનારી નિત નિયમથી, પરાનંદ ફળ પાય. ૧૯

ઇતિશ્રી સ્વામીજી ભજનાનંદજી કૃત ઇશ્વરપ્રાર્થના સંપૂર્ણ.

स्वामी श्री भजनानंदजी विषे.

૧

રાગ શ્રીજગતપતિ.

અખીલ ઇશ્વરા, તે બહુ કરી કૃપા;
ભર્તભૂમિનાજ, ધર્મને ઉધારવા. ટેક.
શ્રીમત સાધુ પરમહંસ જે, સ્વામી ભજનાનંદ;
દર્શનથી અઘ નાસે તુર્તજ, થાય અતિ આનંદ. અખીલ. ૧
પરઉપકારી સ્વામી તમેછો, કરો ધર્મના કામ;
ગામેગામ ફરીને નિત્યે, આપોછો [1]આરામ. અખીલ. ૨
ભરતભૂમિના સત્ય ધર્મની, આપે કરીને શોધ;
મનુષ્ય માત્રને મુકિત મળવા, આપોઆપ પ્રબોધ. અખી. ૩
માયા રહીત થઇને ધરીયો, ધર્મરૂપી શણગાર;
સર્વ તજીને મનમાં ધાર્યું, રામ નામનીજ સાર. અખીલ. ૪

---

૧ સુખ.

વિનતિ આ મમ શ્રવણ ધરીને, કરો કૃપા મહારાજ;
મસ્તક મારે હાથ મુકીને, પાવન કરશો આજ. અખલી. ૫
કૃપાસિંધુ હું શરણે આવ્યો, સ્વામી ભજનાનંદ;
દાસ શામપર દયા કરો તો, છુટે ભવના ફંદ. અખીલ. ૬

રાગ આશાગોડી.

ભજનાનંદ સુખરાસી, ભુમીપર ભજનાનંદસુખરાસી. ટેક.
સગા સહોદર સર્વસ ત્યાગ્યા, જાણી માયાની ફાંસી. ભુ. ૧
જ્ઞાનધ્યાનમાં સંતત સુરા, બ્રહ્માનંદ વીલાસી. ભુ. ૨
અમીત જીવને સુરસ્તે ચઢાવ્યા, હતા જે જમપુરવાસી. ભુ. ૩
હરિશંકર એવા સંતને ચરણે, કોટ ગંગા કોટ કાશી. ભુ. ૪

રાગ નાથ કેસે ગજકો બંધ છોડાયો.

અરે જીવ જીભ્યાથી જપજે તું રામ,
અંતે નહિ આવે કાંઇરે કામ, અરે જીવ જીભ્યાથી જપજે
તુ રામ, ટેક. ૧
ભાઇને બાંધવ દાસને દાસી,
ધર્યા રેહેશે સહુ ધામ, ચતુર પુત્ર તારે સાથ ન ચાલે,
વળી નહિ આવેરે[1] વામ. અરે જીવ જીભ્યા. ૨
હાથીરે ઘોડા વળી રથ પાલખી,

---

૧ સ્ત્રી.

એકનિ ન રાખિશ હામ; હુકમ દ્રવ્ય તારૂં અળગું રે રેહેશે,
નહિરે આવે આ ચામ². અરે જીવ. ૩
કહે ભજનાનંદ ભજન પ્રતાપે,
નિશ્ચય રહેશેરે નામ, સદગુરૂનાં શુદ્ધ ચરણ સેવ્યાથી;
પામીશ પ્રભુનું રે ધામ. અરે જીવ. ૪

પદ ૨.

ભજન વિના કેમ થાશે કલ્યાણ,
તારા જીવની જુઠીરે તજ તાણ, ભજન વિના કેમ થાશે.ટેક.૧
માયારે મદમાં અંધ થઇને, બોલે તું બોલ અજાણ,
સંતપુરૂષનો સંગ ન કર્યો, ધર્યો મનરે અભિમાન. ભજ.૨
જમનારે દુતો તુજને ઝાલીને, ઘાણીમાં કાઢશે ઘાણ;
માથેરે મોઘરીયોના મારરે મારીને,નાંખશે નરકની ખાંણ.ભ.૩
કહે ભજનાનંદ ભજનરે વિના, અંતે થાશે અતિ હાણ,
સદગુરૂનાં શુદ્ધ ચરણ સેવ્યાથી, પામીશ પદ નિરવાણ.ભ.૪

રાગ જનની જીવોરે ગોપીચંદની.

ભેખરે લઇ રાજા ભરથરી, આવ્યા રાણીને વાસજી,
રાણી જોઇને રોવા મંડી, નાંખી ઉંડોરે નિશ્વાસજી.
સુણોરે રાજા તમે ભરથરી. ૧
આઠ હજાર હાથી સંઘાતે, ચાલતા બાજી લક્ષ બારજી,

---
૨ શરીર.

પચીસ હજાર સાથે પાલખી, પાયદળનો નહિ પારજી.
સુણોરે રાજા તમે૦ ૨
મેડીરે મંદીર માળીયાં, રત્ન જડીત્ર નીવાસજી,
તેને તજીને તમે કેમ નીકળ્યા, વનમાં કીધોરે વાસજી.
સુણોરે રાજા તમે ભરથરી૦ ૩
શોભીત જડીત્ર સીંઘાસને, શોભતાં ઈંદ્ર સમાનજી,
રંભા જેવી ત્રણસો રાણીયો, ગુણ રૂપની ખાંણજી.
સુણોરે રાજા તમે૦ ૪
કાંતો રાજા તેં ભાંગ પીધી, કાં તુને જોગીડે ભરમાવ્યોજી,
કાંતો જાદુગરે જાદુ કર્યો, માટે ભેખ મન ભાવ્યોજી.
સુણોરે રાજા તમે૦ ૫
નહિરે રાણી મેં ભાંગ પીધી, નહિ કોઇ જોગીયે ભરમાવ્યોજી,
નહિરે જાદુગરે જાદુ કર્યો, જ્ઞાન હું તો ગુરૂજીથી પાયોજી.
સુણોરે રાણી તમે પીંગળા. ૬
ગાડી ઘોડાને ગજ પાલખી, સુતવિત ને પરિવારજી,
જગત જુઠું રે રાણી મેં જાણીયું, નહિ ઘડીનો નિરધારજી. સુ.
ઝાંઝવાનાં જળ જેવું જાણજે, સર્વે સંસારનાં સુખજી;
ગુરૂરે જ્ઞાનથી મને ગમ પડી, જાણ્યું દુનીયાનું દુઃખજી;
સુણોરે રાણી તમે૦ ૮
અખંડ સુખનેરે જે આપે, એવી ત્રણ વસ્તુ સારજી;

સેવારે હરિ ગુરૂ સંતની, કરે ભવથીરે પારજી;
સુણોરે રાણી તમે૦ ૯
એવાંરે વચન સાંભળી, વીનતી કરી જોડી હાથજી;
રહો તો રાજાજી તમે આંહી રહો,નહીતો લઇચાલો સાથજી
સુણોરે રાજા તમે ભરથરી૦ ૧૦
કહોતો રાજાજી ભગવાં કરૂં, કહોતો એમ રાખું વેસજી;
કહોતો ધોળાંરે વસ્ત્ર અંગ ધરૂં, કહોતો ઉતારૂં શીરકેશજી;
સુણોરે રાજા તમે ભરથરી૦ ૧૧
ધુનીરે પાણીની સેવા હું કરીશ, કરીશ ઉત્તમ આસનજી;
પગરે ચાંપીશ રાજા પ્રેમથી, થાક જાય તતક્ષણજી;
સુણોરે રાજા તમે ભરથરી૦ ૧૨
જોગ કરવોરે માતા કઠીનછે, કઠીન સેવાનું કામજી;
કોઇ દીન ઠંડારે ટુકડા, કોઇ દીન વનમાં વિસરામજી;
સુણોરે માતા તમે પીંગળા૦ ૧૩
સેવોરે સદગુરૂ સંતને, બળે પુરવના પાપજી;
નિજ ગૃહ રહી રટો રામને, જાય ત્રિવિધિના તાપજી;
સુણોરે માતા તમે પીંગળા. ૧૪
અમૃત જેવારે વેણ સાંભળી, ઉપજે મનમાં આનંદજી;
ભીક્ષા દીધીરે રાણીયે ભાવથી, ભાખે ભજનાનંદજી;
ધન્યરે રાજા જગ ભરથરી૦ ૧૫

ગાય શીખેને સાંભળે, મન રાખે પ્રભુ પાસજી;
રામરામરે નીશદીન રટે, એનો હરીપુર વાસજી;
ધન્યરે રાજા જગ ભરથરી૦ ૧૬

પદ ૨

મૂરખ મન સમજ્યો નહી, મુખે બોલ્યો નહિ રામજી;
આગળ સરજીશ વાંદરો, ભરવી પડશે સલામજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૧
હવે તું અતિ અભિમાનથી, મનમાં રાખેછે લાજજી;
સંતચરણ નથિ સેવતો, અંતે બિગડશે કાજજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૨
ધન સુત દારારે જોબન, એ તો પતંગનો રંગજી;
ઊડી જાતારે કાંઇ વાર નહી, ક્ષણમાં થાસેરે ભંગજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૩
મોટારે મોટા ભૂપ ચાલી ગયા, નહી કોડી નિજ સાથજી;
મધમાખી જેવારે તરફડ્યા, ગયા ઘસંતારે હાથજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૪
ચૌદ ચોકડી રાજ રાવણતણું, વણસતાં નહી લાગી વારજી;
દાસ બંધુને બહુ દીકરા, મહા જોધા જુજારજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૫
જેનીરે આજ્ઞામાં દેવતા, અગ્નિ વાયુને ભાણજી;

પાણીરે દેવા કોઇ નવ રહ્યું, સુણજો ચતુરસુજાણજી;
મુરખ મન સમજ્યો નહી૦ ૬
કહે ભજનાનંદ હરિ ભજજ્યો, ખોટા સ્વપ્ના સમા ખેલજી
નાશ થતાં કાંઇ વાર નહી, દીપક જેમ વિના તેલ લજી.;
મુરખ મન સમજ્યો નહી૦ ૭

अथ श्री सुबोध पत्री दोहा.

પ્રથમ નમું શ્રી રામજી, સદ્ગુરૂ સંત સુજાણ;
સુબોધ પત્રી શુભ કરૂં, ધરજો મનમાં ધ્યાન. ૧
માંસ મદીરાદિક તજો, તજો અધમ વ્યભિચાર;
જીવ હીંસા સંગ નિચનો, પરધન તજો વિચાર. ૨
જાૂઠ કપટ જાૂગટા તજો, નિંદા તજો સુજાણ;
અભીમાન ઇરશા તજો, ભજો દેવ ભગવાન. ૩
હરિજનનો આદર કરો, કરો દયા ને દાન;
સાધુ જનનો સંગ કરો, જેથી પ્રગટે જ્ઞાન. ૪
એઠું કદિ દેશો નહી, એઠું નહી ખવાય;
પાણી ગાળીને પિવો, દુધ ગાળી પીવાય. ૫
સ્નાન ધ્યાન નિતહિં કરો, કરો પવીતર કામ;
ભજનાનંદ એ નિયમથિ, પામે પ્રભુનું ધામ. ૫

ઇતિ શ્રી સ્વામીજી ભજનાનંદજી કૃત સુબોધ પત્રી સમાપ્ત.

રાગ ઠુમરી.

સંત સદા સુખદાઇ, જગતમે સંત સદા સુખદાઇ; ટેક.
પરમ દયાળુ પરમ ઊપકારી; પરહિત ફિરત જગમાઇરે,
કુપંથની વાર સુપંથ ચલાવે, ધરમકું દેત દીખાઇરે;
સંત સદાશુખ. ૧
જનમ મરણ અરૂજમ રાજાકો, મહા દુઃખ દેત મીટાઇરે;
કુઅભિમાન મનહિકો કાઢે, કાઢે મનકિ કચાઇરે; સંત. ૨
સંત બચન સુભ ભાનું પ્રકાસસે, મોહ [1]નીશા મીટ જાઇરે;
પાખંડ [2]ઉડગણ કપટ [3]કુમોદની, અધરમ [4]ઉલુક લુકાઇરે;સં ૩
દર્શન કરત હરત અઘ દારૂન, ગીતા શાસ્ત્ર અસગાઇરે;
કહે ભજનાનંદ સંતકુ સેવત, સત વસ્તુ જાત જનાઇરે સં. ૪
સચ્ચીદાનંદ સુખદાઇ, ભજો દેવ સચ્ચીદાનંદ સુખદાઇ.
અક અખંડ અજીત અનાદી, નિરંજન નીતન્યાઇરે;
જનમ મરણ દુઃખનાહી જીસકું, ગીતા શાસ્ત્ર અસગાઇરે; સ.
બ્રહ્મા બિષ્ણુ ભજન કરતહે, શિવજી લગની લગાઇરે;
શુક સનકાદિક સારદ નારદ, ધ્યાન ધરત મનમાઇરે; સ. ૨
તીરથ વરત કછું નહી લાગત, પૈસા ન બૈઠત પાઇરે;
પ્રેમ ભક્તિસે પ્રીત પ્રભુકી, સચ્ચિ રાખો સગાઇરે; સ. ૩

---

૧ રાત્રી. ૨ તારા. ૩ પોયણા. ૪ ઘુડ.

સંત પુરૂષકે સહાય કરનકું, દુખમે આવત ધાઇરે,
કહે ભજનાનંદ ભજન પ્રતાપે, ભવદુઃખ જાત બીહાઇરે; સ.૪

પાત્ર કુપાત્ર વિષે ત્રણ તાળની ચોપાઇ.

શુણો તમેરે સત સંગી સહુ, શુભ અશુભ દાનનું ફળ કહું;
એક કણ તણારે હજાર, થાય ખેતરમાં નિરધાર;
એવું સમજીને દેજોરે દાન, સહુ તમે ચતુરસુજાણ; ૧
કુપાત્રને આપેરે કોય, એનું દાનરે નિષ્ફળ હોય;
જેમ ખારામાં જઇનેરે વાવે, તેની નીપજ તેને નહી આવે;
એવું સમજીને દેજોરે દાન, સહુ તમે ચતુર સુજાણ; ૨
રીત પાત્ર કુપાત્રની કેવી, [1]કામધેનું [2]વિખધર જેવી;
ધેનુ ત્રણ ખાઇ દુધ દેછે, એરૂ દુધ પીઈ પ્રાણ લેછે;
એવું સમજીને દેજોરે દાન, સહુ તમે ચતુરસુજાણ; ૩
એક બીજતણોરે વિસ્તાર, થાય વડલાનો વૃક્ષ અપાર;
તેના ફળતણો નહી પાર, એમ સતપાત્રે દાન નિરધાર.

દોહરો.

પરખી પાત્ર કુપાત્રને, દેવું વિવેકે દાન;
કહે ભજનાનંદ ભાવથી, પામે પદ નિરવાણ.

ગુરૂ મહિમા વિષે ત્રણ તાળની ચોપાઇ.

સુણો તમેરે સતસંગી સહુ, હવે મહાતમ ગુરૂનું કહું,

---

૧ ગાય. ૨ એરૂ.

સતસંગ સદા જગ કાશી, સતગુરૂ શિવ અવિનાશી;
ઉઠી પ્રભાતે દર્શન કરે, તેના કોટિ વિઘન હરી હરે,
મધ્યાને જે દર્શને જાય, તેને સેહેજેરે સાધન થાય,
સાંજ સમયે જે દર્શન કરે, તેતો સંસાર સાગર તરે;
ગુરૂ સનમુખ જે ચાલી જાય, ડગલે ડગલે જજ્ઞ ફળ થાય,
પ્રેમે ગુરૂ ચરણોદક પીવે, તેતો જગમાં સુખથી જીવે;
ગુરૂ પુજા જે આરતી કરે, તેતો જન્મ ફરી નહી ધરે,
જેણે ગુરૂ જમાડ્યા છે પ્રીતે, તેણે કોટિ જજ્ઞ કર્યો નીત્યે.
જેણે કરી સદગુરૂની સેવા, તેતો સુખરે ભોગવે હરિ જેવા,
એવો ગુરૂનો મહિમા જગમાંય, વેદશાસ્ત્ર પુરાણોમાં ગાય;
જ્ઞાની ધ્યાની દયા ધર્મ ધારી, હોય ગુરૂપરમ ઉપકારી,
એવા ગુણ જાણી ગુરૂ ધારો, માયા મમતાને મુળથી મારો.
ગુરૂ વિનાનુ ગરોરે જાણ, તેતો પડશે નરકની ખાણ,
ભજનાનંદ કહે વાત સાચી, ગુરૂ વિના વાત સહું કાચી;

અથ ગુરૂ પ્રાર્થના.

નમું નમું ગુરૂ મહારાજ, ધન્ય ધન્ય છે દીનરે આજ,
પ્રભુ દર્શન અમનેરે દીધા, દીન જાણી કૃતારથ કીધા;
કરી બોધ ભાનુ પરકાશ, મહા મોહ તીમર નીશીનાશ,
સત્ય વસ્તુનો શ્રેષ્ટ વિચાર, આજ મળ્યો તે અમનેરેસાર.
ગુરૂસમ હિતકારી કોય નાહી, જોયું વિચાર કરી મનમાંઇ,

એવું જાણિઆવ્યોઆપ શરણે,શીશ સમરપ્યું છે તમચરણે,
ભજનાનંદ કહે ગુરૂ સેવા, કરે સુરનર મુનિવર જેવા.

રાગ હૈયાના ફુટા હરિ સંગે હેત ન કીધો.

મૂરખ તારા મનમાં જોને તું જાગીરે- ટેક.
એળે આયુષ આખું ખોયું આળસમાં અભાગીરે;
મૂરખ તારા મનમાં. ૧
નારાયણનું નામજ લેતાં, નવરાઇ નવ આવે,
બજારમાં બેસીને ડાહ્યા, ગપ્પા ખુબ ઉડાવેરે;
મૂરખ તારા મનમાં જોને તું જાગી. ૨
માંદપને લીધે છ મહીના, પલંગમાં કેમ પડછો;
આજે થઇ હરિ ભજન ન સૂજે, ઘાટ નવા તું ઘડછો રે;
મૂરખ તારા મનમાં જોને તું જાગી. ૩
હરિ કથા સતસંગમાં જાછો, જૂઠાં બાના બતાવે;
ભજનાનંદ કહે ભાગ્યો જાશો, હુકમ રાજનો આવેરે.
મૂરખ તારા મનમાં જોને તું જાગો- ૪

પદ ૨

અંતરના અંધા, જોને વિવેકે વીચારીરે. ટેક.
સાર વસ્તુને સમજ્યો નહિને, ભુંડપ પકડી ભારીરે;
અંતરના અંધા, જોને વિવેકે વીચારી. ૧
સત્ય શાસ્ત્ર વળી સત્ય પુરૂષનો, સંગ નહી તેં કીધો;

ખોટા મતને ધારન કરી, દેહ ખોઇ તે દીધોરે;
અંતરના અંધા જોને વિવેકે વિચારી. ૨
ઉપરનાં ઊજળા સાધનથી, મીથ્યા દેવને માને,
ગમે તેટલું પાણી પાએ, કેરી નવ કેરડાનેરે;
અંતરના અંધા જોને વિવેકે વિચારી. ૩
માળા વેસ ઉપરનો જોઇ, આપનો પારકો માને,
જેમ ભરવાડ બકરા ગાડર, નીશાનથી સૌ જાણેરે;
અંતરના અંધા જોને વિવેકે વીચારી. ૪
કહે ભજનાનંદ ભલો થઇને, ભજજે ખરા ભગવાન,
ખોટા મતને મુકી દેજે, નહી તો થસે હેરાનરે;
અંતરના અંધા જોને વિવેકે વીચારીરે.

અનુભવીને એકલું આનંદમાં રહેવુંરે-એ રાગની
ગરબી.

સત્યનારાયણ ભજો, સૂખના દાતા;
ભક્તજનને ભવમાંથી તરત જે ત્રાતા, અર્થ રક્ષણ કર૦
સત્યનારાયણ ભજો સૂખના દાતા. ટેક.
ઇચ્છીત ફળ ઉતમ હરિ હેતથી આપે,
કષ્ટવાળા હોય તેના કષ્ટને કાપે; સત્યનારણ.
શુકલ વરણ કરણ મણી કુંડળ જડીત,
શીશ મુગટ ઝળળ ઝળળ શોભે જેમ તડીત; સ.

ચતુર ભુજ માહીં ચતુર આયુધ ધરે,
ભજનાનંદ કહે કૃષ્ણ ધ્યાન એમ કરે; સ. ૪

પદ ૨.

ભજો પરિબ્રહ્મ નારાયણ ભાવથી,
નારી ગર્ભ જન્મ જેનો કદાપી નથી. ભજો. ૧
સર્વ શક્તિ સંભવીત જેમાંછે સદા,
કામ ક્રોધાદિક દોશ નાહી છે કદા. ભજો. ૨
અખંડ સર્વ જ્ઞાન સૂખ એવાછે હરી;
જન્મ મરણ દુઃખ જેમાં નાહીછે જરી ભજો. ૩
[1]દીનેશ ગણેશ વિષ્ણુ શિવ ધ્યાનમાં ધરે,
રામ કૃષ્ણ રાત દીવસ રટન તે કરે. ભજો. ૪
ભજનાનંદ એવા જગકરતાને જાણી,
મહાસૂખ મળે હોય દુઃખની હાણી. ભજો. ૫

ગરબી

કર પ્રભુ સંગાતે દઢ પ્રીતડીરે એ રાગ.

માનો અર્જુન વચન સત્યમાહરૂરે, પ્રાણ થકી વાલાછે હરીજન્ન.
એમ સમજી સેવોને સાચા સંતનેરે. ટેક. ૧
હરીજનને જમાડીને જે જમેરે,
સદા પ્રભુછે તેને પ્રસન્ન. એમ સમજી સેવોને ૨

---

૧ સૂર્ય.

સંત સનમુખે જે જન જાયછેરે,
ડગલે ડગલે જજ્ઞફળ થાય. એમ સમજી સેવોને. ૩
શુદ્ધ ભાવે કરી સંત સેવતારે,
અનેક જન્મ તણા અઘ જાય. એમ સમજી સેવોને. ૪
પુજી વૈષ્ણવને જે આરતી કરેરે,
તેના પુન્ય તણો નહિ પાર. એમ સમજી સેવોને ૫
અડસઠ તીરથ અતિ હેતથીરે,
નીત રહે ચરણે નિરધાર. એમ સમજી સેવોને. ૬
સંત નિંદ્યા કરે કે કોઇ સાંભળેરે,
તેનો નીત નરક નીવાસ. એમ સમજી સેવોને. ૭
ભજનાનંદ કહે સત ભાવથીરે,
સંત શરણે પુરીરે મારી આશ. એમ સમજી સેવોને

ગરબી ૨

સંત સાચા જગત ગુરૂ જાણજોરે,
ભવસાગર તેથી તરાય; ધારી એવું ધરમ ગુરૂ ધારજોરે.
ખાળ ગટરનું નીર ગંગમાં પડેરે,
ગંગ સંગથી શુદ્ધ ગણાય; ધારી એવું ધરમ. ૨
જુઓ કીડાનું રૂપ ભમરી કરેરે,
સંત કરેછે સંત સ્વરૂપ; ધારી એવું ધરમ.
મણી સંગથી કંચન નીપજેરે,

તજી લોઢું પોતાનું રે રૂપ; ધારી એવું ધરમ. ૪
સંગ ચંદનનો વૃક્ષ બીજા કરેરે,
આપે ચંદન નિતે સુવાસ; ધારી એવું ધરમ. ૫
એવું મોટું ગુરૂ પદ માનીનેરે,
નીત્ય કરો ચરણ નીવાસ; ધારી એવું ધરમ. ૬
જ્ઞાન હીણા ગુરૂ નવ કીજીએરે,
બુડે છે ને બુડાડેરે લોક; ધારી એવું ધરમ. ૭
ગુરૂ વિના સાધન સરવે કરોરે,
પ્રભાશંકર માનજો ફોક; ધારી એવું ધરમ. ૮

ગરબી ૩

જે સમરણ કરે શ્રી રામનું રે
ધન્ય ધન્ય તેનો અવતાર; પ્રભુ નામ લેને તું પ્રાણીયારે
રામ નામ લેતાં ગુણીકા તરીરે,
નીજ ધામ ગઇ નિરધાર; પ્રભુ નામ લેને. ૨
મીરાબાઇને મોહનજી મળ્યારે,
ભાવે કરી ભજ્યા ભગવાન; પ્રભુ નામ લેને. ૩
રાણે વિખના કટોરા મોકલ્યારે,
પ્રેમે કરી મીરાયે કીધા પાન; પ્રભુ નામ લેને. ૪
નાગર નરસીયો નિત્ય રટે નામને,
કર્યા તેના હરિયે બહુ કામ; પ્રભુ નામ લેને. ૫

હુંડી એક સીકારી અતિ હેતથીરે,
ધારી શામળશા શુભ નામ; પ્રભુ નામ લેને. ૬
નારાયણ નામ લેતા બીકથીરે,
અજામેળ ઊગાર્યો પલ માંય; પ્રભુ નામ લેને. ૭
સ્વામી ભજનાનંદનાં સતસંગથીરે,
વનમાળી હરી ગુણ ગાય; પ્રભુ નામ લેને. ૮

ગરબી ૪

મુરખ માન શિખામણ માહેરીરે,
તનમનના તજીને વિકાર; નામ લેને નિરંતર નાથનુંરે. ટેક. ૧
પાપ કરતા પાછુ જોયું નથીરે,
અંતે મળશે જમાનારે માર; નામ લેને નીરંતર. ૨
જ્યારે નરકનાં કુંડમાં નાખશેરે,
ત્યારે કરીશ તું પોકાર; નામ લેને નીરંતર. ૩
માટે સાચા તે સતગુરૂ ધારજેરે,
જે અંતે ઉતારે ભવપાર; નામ લેને નીરંતર. ૪
ધન ધામને પડચા રહેશે દીકરારે,
નહીં ચાલે સાથે ઘરની નાર; નામ લેને નીરંતર. ૫
કાયા માયા તે સપનાની સાહેબીરે,
અંતે જાણજે સર્વે અસાર; નામ લેને નીરંતર. ૫
રાજા રાવણનો અહંકાર ઉતર્યોરે,

જ્યારે અનીતી કીધી અપાર; નામ લેને નિરંતર. ૭
સ્વામી ભજનાનંદના સતસંગથીરે,
વનમાળી કહે નીરધાર; નામ લેને નીરંતર. ૮

ગરબી ૫

અજ્ઞાની સમજ તારા ઉરમાંરે,
સતસંગ કથા છે સાર; સત્ય માન શિખામણ સંતનીરે. ટેક. ૧
વણ સમજે કેને તું વળગી રહ્યોરે,
આખું જગત તું જાણ અસાર; સત્યમાન. ૨
હરિકથામાં જા નહી જાવા ન દેરે,
બાંધ્યો મીથ્યા તે લાજનોરે બંધ; સત્યમાન. ૩
ભુંડું ભલું તું શું નથી ભાળતોરે,
આંખ્યો છે પણ થયો કેમ અંધ; સત્યમાન. ૪
ભાંડ ભવાઇ થાય તો મેલ ભાળવારે,
તારા ડાપણમાં વળી ગયો ડાટ; સત્યમાન. ૫
ખોટા ખેલ જોવા દ્રેછે ખાંતથીરે,
વારૂ એમાં સારી શેની વાટ; સત્યમાન. ૬
ગુણ ગોવીંદ તણા તો ગમતા નથીરે,
અલ્યા મસ્ત થયો કેમ આમ; સત્યમાન. ૭
ધરી ધીર આ વાત ઉરમાં ધરેરે,
રીત સારી કે દેયો રામ; સત્યમાન. ૮

ગુરૂ મહિમા સાખી.

પ્રથમ નમું ગુરૂ દેવને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાને ગોવીંદ ઓળખ્યા, ટળ્યો દેહ અભીમાન. ૧
તત્વસાર ત્રીલોકમાં, ગુરૂ ગોવીંદનું રૂપ;
આદ અંતમધ એક છે, હરિ ગુરૂ સંત સ્વરૂપ. ૨

છંદ મોતીદામ.

હરિ ગુરૂ સંત સદા પદ સેવું,
જેનું નિત નામ નીરંતર લેવું;
ગુરૂ ગોવીંદ એક રૂપ જાણો,
રખે ભીનભાવ રૂદેમાં નવ આણો. ૧
ગુરૂ ગોવીંદ થકીછે અધીક,
જેની પરમારથ કારણ શીખ;
ગોવીંદના સરજ્યા પડે જીવ જાળ,
તેની ગુરૂ મુકિત કરે તત્કાળ. ૨
એવા ગુરૂ પુરણ પ્રેમ દયાળ,
પોતાના તો જાણી કરે પ્રતીપાળ;
ગુરૂજીનું જ્ઞાન ગ્રહ્યું સુખદેવ,
સંસાર તો સમુદ્ર તર્યા તતખેવ. ૩
મળ્યા ગુરૂ નારદને સુખરાશી,
ટાળી ક્ષણ માત્રમાં લક્ષચોરાશી;

ગુરૂ વિના કોઇ ન પામેરે પાર,
જેના જશ ગાય ઉમા ત્રિપુરાર. ૪
વિરંચી ને વ્યાસ વંદે ગુરૂ ઇષ્ટ,
ન જાણેરે મહિમા તે પ્રાણી પાપીષ્ટ;
તેને ગુરૂ દ્રોહી કૃતઘ્ની કહીયે,
જેણે ગુરૂ જ્ઞાન ધર્યું નહીં હઇયે. ૫
ગુરૂજીને આપ બરાબર જાણે,
તેને જમદુત વૈતરણીમાં તાણે;
ગુરૂજીને ગાળ કાઢે તે કપૂત,
તેનું મુખ સૂળે ભરે જમદુત. ૬
ગુરૂજીની સેવામાં ચુક પડાવે,
તેને હરિ ચક્રની ધારે ચડાવે;
ગુરૂજીની નિંદા સુણે નીરધાર,
સિસું ગાળિ રેડે તે શ્રવણ મોઝાર. ૭
ગુરૂજીને ચરણે નમાવે ન શીશ,
તેને શત્રુ રૂપ જાણે જગદીશ;
ગુરૂજીની સજ્યાયે જે પગ ધારે,
તેને ત્રીલોકમાં કોણ ઉગારે. ૮
ગુરૂ મરજાદા ન રાખેરે કોય,
તે તો નર રણમાં રાક્ષસ હોય;

ગુરૂ વિના સંકુટ જેવોરે સાપ,
તેનું મુખ દીઠે ચડે બહુ પાપ. ૯
ગુરૂ વિના નગરો ફરે નર જેહ,
મુઆ પછી ઢોર અવતરે તેહ;
એવું ગુરૂ ગીતામાં કહે શીવરાય,
જેને વેદ શાસ્ત્ર નિરંતર ગાય. ૧૦
ગુરૂ બ્રહ્મ કેવળ જ્ઞાન સ્વરૂપ,
જેને રૂદે હરિનું રૂપ અનુપ;
દયાળુ રૂદે અખંડ આનંદ,
ત્રીગુણાતીત ટાળે ભવ ફંદ. ૧૧
એવા ગુરૂ પ્રેમે કરી જે પુજે,
તેના ઘટ માંહી ત્રીભુવન સુજે;
ગુરૂજીનું પ્રેમે ચરણોદક પીધું,
તેણે ત્રીલોકનું તીરથ કીધું. ૧૨
પામ્યા પરસાદ ગુરૂજીનો પ્રીતે,
જાણે તેણે જજ્ઞ કર્યા લક્ષ નીત્યે;
ગુરૂજીને પ્રેમે સંતોષ પમાડ્યા,
જાણે તેણે ચૌદરે લોક જમાડ્યા. ૧૩
ગુરૂજીને પરક્મા કરી લાગે પાય,
તેને સહુ સાધન સહેજેરે થાય;

ઐવા ગુરૂ જાણિને આવ્યો હું શરણ,
નિવારોને નાથ જનમ ને મરણ. ૧૪
ધરિ ધરિ દેહ પામ્યો બહુ દુખ,
હવે હરી આપોને અવિચળ સૂખ;
પીડાનો પાર નહી મહારાજ,
હવે હરિ બાંહ્ય ગ્રહ્યાનીછે લાજ. ૧૫
જોશો અપરાધ અમારા રે ઇશ,
ત્યારે કોઇ કાળે હું કેમ તરીશ;
જ્યારે નિજ માતા બાળકને મારે,
ત્યારે તેને બીજુ તે કોણ ઉગારે. ૧૬
અભય પદ બિરદ તમારૂ રે હોય;
આવે શરણે તેને હણે નહિ કોય,
તમો ગુણ ગાતાં જો કર્મ ન નાસે;
ત્યારે કોણ ચરણ તમારા ઉપાસે. ૧૭
રવીને ઉગે રહે અંધકાર,
ત્યારે તેને શીદ ઇચ્છે જો સંસાર;
અમૃતને પીધે જો રોગ ન જાય,
ત્યારે શો અમૃતનો મહિમાય. ૧૮
સુર તરૂ સેવે ન ભાંગે જો ભુખ,
ત્યારે તેને કોણ કહે સુર રૂખ;

પારશને પરશે જો હોયે ન હેમ,
ત્યારે તેને પારશ કહીયેજ કેમ. ૧૯
સિંહનેરે શરણે જો જંબુક ખાય,
ત્યારે સિંઘ શરણે ગયે શું થાય. ૨૦
રામ નામ લીધે જો દમે અજ્ઞાન,
ત્યારે કોણ કહેશે ભલા ભગવાન;
કામ, ક્રોધ, લોભ લુંટે સહુ ચોર,
ત્યારે શુરે નાથ અમારૂં જોર. ૨૧
ધણીમાંહે જેના મળે નહીં ઢંગ,
તેની ત્રિયા ફરે ઉઘાડે અંગ;
પતીવૃતા નાગિ પતીને છે લાજ,
જુવો મનમાંહિ તમે મહારાજ. ૨૨
પીડા પામે દાસ તો પ્રભુજીને ખોટ,
અમો પર કાળ ચલાવે છે ચોટ;
પ્રભુજીનું ભજન કરતાં જો પીડાય,
તેનો તમને બટો બેસે જદુરાય. ૨૩
આપો નિજ ભક્તિ સંગ ઉમરાવ,
રૂદે ખેડી ઉજડ ફેર વસાવ;
બેસારોને બેરખ નામ તમારૂં,
તેણે કરી કારજ થાય અમારૂં. ૨૪

ત્યારે ફરી નગ્ર ન લુંટરે કોય,
જ્યારે રખવાળા હરીના હોય;
આવી પ્રભુ કરો રૂદેમાં વાસ,
ત્યારે સહુ થાય અવિદ્યાનો નાશ. ૨૫
ગ્રતાવોને એક તમારીજ આણ;
ઉઘાડોને રામ રતનની ખાણ;
દીનપણું દુર કરો જદુનાથ,
હવે હરિ હેત કરી ઝાલો હાથ. ૨૬
બોલાવીને પાસે બેસારોને બાપ,
પમાડોછો શીદ હવે પરિતાપ;
ભમાવોછો શીદ હવે ભગવાન,
દયા કરી દેશો અભયપદ દાન. ૨૭
નાઠા નહિ છુટો ત્રિભુવન નાથ,
ન મુકું એ સ્વામી તમારોરે સાથ;
વેરી મેઘ બુંદ બરાબર હોય,
તમારો તો સંગ ન છોડું તોય. ૨૮
માયાને તો વારો તમો રામ રાય,
નથી કેને જંપવા દેતી જરાય;
કરે બહુ સાંધાને વાંધા તે જોર,
એવું એનું કારસું કર્મ કઠોર. ૨૯

હરિગુરૂ સંતમાં અંતર પડાવે,
જીવને તો લાલચ લોભ દીખાવે;
તેને કોઇ જીતે મહા શુરવીર,
ડગે નહિં ધર્મધુરંધર ધીર. ૩૦
સાગર તો સાત અંજળીનું નીર,
ગોપદ ભૂમી ગગન સમીર;
શુન્યમાં તો પુરણ દેખે સોય,
મથે તેને અમૃતનું ફળ હોય. ૩૧
જાણે કાંઇ માગશે મારીરે પાસ,
એવું રખે જાણતા શ્રી અવિનાશ;
રિદ્ધિ સિદ્ધિ મારે ન જોઇએ મુકિત,
ન માગું હું જોગ ન સિદ્ધિની જુકિત. ૩૨
ન માગું હું એક છત્રાસન રાજ,
ઇંદ્ર તણા આસનનો નહીં કાજ;
ઇચ્છું નહીં અજ પદને કૈલાસ,
ન માગું હું ગૌલોક વૈકુંઠવાસ. ૩૩
પદરજ એક ચઢાવું શીશ,
તમારી તો મેહેર માયાના અધિશ;
ઇચ્છું નહીં અન્ય પદારથ કાંઇ,
રાખો નીજ ચરણ કમળની છાંઇ. ૩૪

માગું પ્રેમ ભક્તિ સતસંગ સાર,
માગું જસ લીલા ગાવા અવતાર;
નડે નહીં કોઇ મને સંસાર,
નીજ નામ તમારે આધાર. ૩૫
પ્રીતમ પતીત ઉધારણ નામ,
તાર્યા કંઇક કોટી પામ્યા નીજ ધામ;

સાખી.

સત્ય નામ પ્રભુ તમતણું, સત સત પુરૂષ વિચાર;
કહે પ્રીતમ શુદ્ધ ભાવશું, દીજે નીજ દીદાર. ૧
ગાય શીખે ને સાંભળે, ધરે નીરંતર ધ્યાન;
કહે પ્રીતમ નરનારીમાં, નહીં કોઈ તેની સમાન. ૨
કળી કેવળ કીરતન કથા, પુન્ય ભજન હરિનામ;
હરિ ગુરૂ સંતની ઉપાસના, એ તરવાનું ઠામ. ૩

ઇતિ શ્રી ગુરૂ મહિમા સંપુર્ણ.

પદ પ્રીતમનું. ૧

હરિ ભજન થકી છોટા હોયતે સૌથી મોટા થાયછે
તન તાપ ટળે જનમ મરણનાં સંકટ સરવે જાયછે. ટેક. ૧
જોવો શુકદેવજીનું મુળ સોધી, હતું ગંધુ ઈંડું અતિ અબોધી,
થયા આપે ઇશ્વર અક્રોધી; હરી ભજન થકી. ૨
જોવો વાલ્મીકજીની વાત ખરી, જેણે કીરાત કુળમાં દેહ ધરી,

તેણે શતકોટી રામાયણ કરી, હરિ ભજન થકી. ૩
જોવો એકલશૃંગી હરણીના, જોવો વ્યાસમુનિ વણુ પરણીના
જોવો સુત પુરાણી કોણ કરણીના. હરિ ભજન થકી. ૪
જોવો દાસી સૂતથી શું હીણપણું. જેનું પુણ્ય પવીત્ર ચરીત્ર ઘણું
થયા નારદ મન ગોવીંદ તણું. હરિ ભજન થકી. ૫
જોવો માંડવની મીંડકી માતા, જોવો વસીષ્ટ વેસ્યા વિખ્યાતા,
જોવો ચતુરાનન પંકજ જાતા. હરિ ભજન થકી. ૬
જોવો માતંગ ઋષીની જાતી, જેનો ચાંડાળ ઘરે જનમ પ્રખ્યાતી,
હરિ શરણે થઇ વિખ્યાતિ. હરિ ભજન થકી. ૭
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તેતો ગંગા સરખું થઇને ફળે,
જેમ પારસ પરસે લોહ ટળે. હરિ ભજન થકી. ૮
એમ જાત ભાત સઊની જાણી, હરિ ભજે તે હરિ તુલ્ય પ્રાણી,
કહે પ્રીતમ ઓળખો એંધાણી. હરિ ભજન થકી. ૯

પદ ૨.

ધન્ય આજની ઘડી, સંત પધાર્યા પ્રેમે પાવન કીધારે,
અતિ આનંદ અપાર, દયા કરીને દર્શન અમને દીધાં. ટેક ૧
સંત સનમુખે જાતાં સુકૃત ઘણા, ફળ ડગલે ડગલે જજ્ઞ તણાં,
સંત સેવ્યાનાં ફળ મોક્ષ તણા. ધન્ય આજની. ૨
જેને ચરણે તીરથ નીવાસ કરે, જેની સુરતી સમરતી સાખ ભરે,
માહારાજ મુખે પોતે ઉચરે. ધન્ય આજની. ૩

છે વૈષ્ણવ શ્રી હરિને પ્યારા, તેથી નિમિષ નથી હરજી ન્યારા,
સંત ભક્તિના જાણુણ હારારે. ધન્ય આજની ૪
જેણે હરિજન સાથે હેત ઘણું, અતિ અંતરમાંય એકતા પણુ;
કહે પ્રીતમ તેનાં શાં ભાગ ભણું. ધન્ય આજની. ૫

ચાબખો ભોજા ભગતનો.

ભગતી શીશ તણું સાટું રે, આગળ વસમી છે વાટું. ટેક.
એક દીવસ તો આવી બની, રાજા મોરધ્વજને માંથે;
કાશિયે જઇને કરવત મુકાવ્યું, હરિજનને હાથેરે. ભકિત. ૧
સત્યને કાજે ત્રણે વેચાયા, રોહીદાસ ને રાણી;
રૂષીને વાસ્તે રાજા વેચાણો, ભરવાને પાણી રે. ભકિત.૨
સગાળ શેઠને ચંગાવતીયે, એવાજ નેમ લીધા;
સાધુને જમાડીનેરે જમવું, બાળકનાં વધ કીધા. ભકિત. ૩
પે'રો પટોળા પ્રેમનારે, તમે સુરવીર થઇને ચાલો;
ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે, અમરાપુર માલોરે. ભકિત. ૪

રાગ આશાગોડી.

સંતોસે અંતર નાહી, નારદ મેરે સંતોસેં અંતર નાહી; ટેક.
સંત સુખી તો મેરા મન સુખીયા.
સંત દુખે તો દુખદાઇ. નારદ મેરે. ૧
સંત ચાલે ત્યાં હું આગે આગે ચાલું,
સંત હોય ત્યાં આવું ધાઇ. નારદ મેરે ૨

અડસઠ તીરથ મેરે સંતોકે ચરણમે,
પીવત પાપ જલ જાઇ. નારદ મેરે. ૩
તીરથ વરત અનેક કેરે તોઇ,
મેલ ન મનકો મીટાઇ. નારદ મેરે. ૪
કહે કેશવ સંતોકે શરણે;
મુકિત મીલત છનમાઇ. નારદ મેરે. ૫
વનમાં જાતી વખતે રામચંદ્રજીએ કહ્યું કે તમે

પીયર જાઓ તે સમેનું ધોળ.

મામેરૂં મોંઘા મુલનું--એ રાગ દોઢ જાસ્તી છે.

રામ લક્ષમણ વનમાં સીધાવતાં, સતી સીતાને આવતા સાથ;
કહે રઘુનાથ, પધારો પીયરભણી. ૧
નહીંતો અહીં રહો સસરાનાં રાજમાં,હેતે હળીમળીસાસુસંગાથ;
નહીં તો જોડી હાથ. પધારો૦ ૨
અમે વસ્તીમાં નહીં વસિયે વિનતા,અમે જઇકરીશું વનવાસ
તમો પામો ત્રાસ. પધારો૦ ૩
સાથે રથકે ઘોડુ નહીં રાખીયે, નહી રાખીયે દાસી કે દાસ.
કોઇ અમ પાસ પધારો૦ ૪
તમે કોસનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
લીટી ખેંચો નાક. પધારો૦ ૫
અમે વનફળ ખાઇ ખુશીમાં રહીશું,કોઇ દિવસ તોકેવળશાક;

વિના લુણુ પાક. પધારો૦ ૬

વનમાં નથી મંદીર નથી માળીયાં, નથી પેઢવા કાજ પલંગ;

રંગીત નવરંગ. પધારો૦ ૭

કરશું ઘાસકે પાનની ઝુંપડી, સુવા સાથરે તેખુંચે અંગ;

એમાં શો ઉમંગ. પધારો૦ ૮

વનમાં હીરનાં ચીરતો નહી મળે, વનમાં નહી મળેફરતાંફુલેલ

કે તેલ ધુપેલ. પધારો૦ ૯

વનમાં નહી મળે શાણી સાહેલીયો, કરશો કોસંગ ખાતેથીખેલ

ઉમંગ ભરેલ. પધારો૦ ૧૦

વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચોતરફ ફરે બહુ ચોર;

જેનું ઘણું જોર. પધારો૦ ૧૧

વનમાં વાઘ્રવરૂને વાનર જેવા, ઘણાં વિચરે જનાવર ઘોર;

બચે નહી ઢોર. પધારો૦ ૧૨

ઉષ્ણકાળે વાસે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાશ;

જ્યારે જેઠ માસ. પધારો૦ ૧૩

વરસે મેઘને ઝબકશે વીજળી, તેવે ટાણે તો તરૂતલ વાસ;

નહી છત્ર પાસ. પધારો૦ ૧૪

મોટા પરવત દેખીને માનની, તમે નજરે જોયા નહી જાય;

દીઠે ખાવા ધાય. પધારો૦ ૧૫

તમે રાજકન્યા કાયા કોમળી, વનવાસનાં દુખ નાવેડાય;

કાયા કરમાય. પધારો૦ ૧૬
વનમાં અંધારૂ દેખી ડરશો ઘણા, નથી નીસર્યાં કદી ઘરબાર;
છો નાજુક નાર. પધારો૦ ૧૭
તમે બાળકવય વરસ સોળનાં, નથી સંકટ વેઠ્યાં લગાર;
તમે કોઇ વાર. પધારો૦ ૧૮
પરણી આવીને પીયર ગયાં નથી, તમને મળવાને ઇછેછે માય;
ચોંપે ચિત્ત ચહાય. પધારો૦ ૧૯
રાજા જનકજી તમને ઝંખે ઘણાં, તેમના સંદેસા આવે સદાય;
તેડાં પાછાં જાય. પધારો૦ ૨૦
ભાતભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહીપાળ;
પુરાવીને થાળ. પધારો૦ ૨૧
અમે અવધે ફરીને જ્યારે આવશું, સ્નેહે લેશું તમારીસંભાળ;
કરશું પ્રતીપાળ. પધારો. ૨૨
રૂડી મીથુલાપુરી મનમાનતી, તેમાં પામશો પરમ વિરામ;
છે બાપનું ગામ. પધારો૦ ૨૩
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ;
કહે રાજારામ., પધારો૦ ૨૪

સીતાજીના જવાબનું ધોળ.

રાગ ઉપર પ્રમાણે.

એવું સાંભળી સીતાજી કહે, સુણો સુંદરસ્યામ સુજાણ;
પ્યારા મારા પ્રાણ સાથે રાખો સ્નેહથી. ૧

જુદા પાડવાની વાત વાલા કહો,તેતો બોલ લાગે તીખાબાણ
રઘુકુળ ભાણ. સાથે૦ ૨
સ્વામી જ્યાં તમે ત્યાં ઘર માહેરૂ,તમથી વેગળી તે પરદેશ;
હું જાણું હમેશ. સાથે૦ ૩
તમે જોગીનો વેશ જો ધારશો, તોહું જોગણનો ધરૂ વેશ;
જટા કરૂ કેશ. સાથે૦ ૪
સ્વામી તમેજો સુખીતો સુખ માહરે, તમે દુખમાંતો દુખ મારેદેહ
એમાં શો સંદેહ. સાથે૦ ૫
જે કોઇ પરણ્યા પછી રહે પીયરમાં, અવતાર બળોધિક એહ,
મુવા જેવી તેહ. સાથે૦ ૬
સ્વામી તમવિના મંદીર માળીયાં, ભાસે પરવત મેરૂ સમાન;
વસ્તી તો વેરાન. સાથે૦ ૭
મહાવનમાં ભરી વસ્તી ભાસસે, જ્યારે પામીશ દરસનદાન;
કૃપાના નિધાન. સાથે૦ ૮
સાસુ સસરાને માતપિતા સહુ, ભલે જીવો કરો રૂડાં રાજ;
મને મહારાજ. સાથે૦ ૯
સ્વામી શું કરૂં ભાઇ ભોજાઇને,સ્વામી શુંકરૂ સઇયર સમાજ;
કેનુ નથી કાજ. સાથે૦ ૧૦
સાચુ સગપણ જગમાં સ્વામીતણું,બીજો સ્વારથી સઘળોસંસાર;
કુટુંબ પરીવાર. સાથે૦ ૧૧

મારા લાડપાલણ તમે લાલજી, બીજો નથી આંસુનો લોનાર;
કે એક આધાર. સાથે૦ ૧૨
કાયા પ્રાણ થકી જો જુદી રહે, તોહું તમથી જુદી પડું છેક;
રહુ તજી ટેક. સાથે૦ ૧૩
જો કોઇ જળથી જુદી પડી માંછલી, રાખે દુધમાં કરી વીવેક;
જીવે પળ એક. સાથે૦ ૧૪
તમે સુખના સાગર રહો વેગળા, પછે શું કરૂં રાજને પાટ;
હવેલીનાં ઠાઠ. સાથે૦ ૧૫
મને હીરનાં ચીર ગમે નહી, મને ન ગમે ઘરેણાંના ઘાટ;
મટાડો ઉચાટ. સાથે૦ ૧૬
હુંતો તમને દીઠે થાઉં દેખતી, અણદીઠે તો આંધળી ભીંત;
મન વિપરીત. સાથે૦ ૧૭
મેંતો સ્નેહ તોડી સર્વ લોકથી, બાંધી તમસંગે પુરણ પ્રીત;
ચોરાયું છે ચીત. સાથે૦ ૧૮
જમવું જીવન તમથી જુદા પડી, હોય વીધવીધનાં પકવાન;
તે વીખનાં નીશાન. સાથે૦ ૧૯
કરીએ ભોજન તમ સાથે ભાવતાં, હોય કેવળ શાક કે પાન;
તે મેવા સમાન. સાથે૦ ૨૦
સ્વામી તડકાને તાપ વઇશાખનાં, તેતો જાણીશ ચંદ્ર પ્રકાશ;
રહે તમ પાસ. સાથે૦ ૨૧

મુજને મેલીજો કંથ પધારશો, આવી મળવાની ધરશોનઆશ;
નકી પામું નાશ. સાથે૦ ૨૨
કરતાં વાત ઢળો પડ્યાં ધરણીયે, નારી જાનકી થઇ નીરાશ;
કહે લેતી સ્વાસ. સાથે૦ ૨૩
દયા કરી દેવે દલપતરામને, સતી સીતાને દેખી ઉદાસ;
જતાં વનવાસ. સાથે૦ ૨૪

આરતી સત્યનારાયણ દેવની.

જય દેવ જય દેવ, જય સત્ય નારાયણ; પ્રભુ (૨)
બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર (૨) મનમાં ધારાયણ. જય૦ ૧
વ્યાપી રહ્યા વિશ્વેશ, સકળ સતા ધારી. પ્રભુ (૨)
વરલાયક સુખદાયક (૨) અદ્દભુત ઉપકારી. જય૦ ૨
અનુપમ દેવ દયાળ, જગત પીતા માતા (૨)
અવીચળ શુભ પદ દાયક (૨) સદ્દબુદ્ધિ દાતા. જય૦ ૩
વાયુસૂર્ય વરૂણ, ભૂ અગ્નિ દેવા (૨)
પ્રભુ આજ્ઞામાં વરતી (૨) સકળ કરે સેવા. જય૦ ૪
શુક સનકાદિક સારદ નારદ, નીશદીન ધ્યાન ધરે (૨).
નામ નીરંતર રટીને (૨) ભક્ત સમાજ તરે. જય૦ ૫
છો સત્ય દેવ સમરથ, દુખભંજન દેવા (૨)
દીવ્ય પીતા પ્રભુ પ્રેમ (૨) કરીએ શુભ સેવા. જય૦ ૬
ભક્તજન પ્રતીપાળ, ઇચ્છિત ફળ આપો (૨)

શરણાંગત પ્રાણીનાં (૨) કષ્ટ સહુ કાપો. જય૦ ૭
મળીને ભક્ત સમાજ, કરીએ કરજોડી (૨)
આરતી પ્રભુ મહીમાની (૨) ચીત પદમાં ચોડી- જય૦૮

છપા.

ધિક જીવતરમાં ધૂળ, સંતને દેખી દાઝે;
ધિક જીવતરમાં ધૂળ, હરી ભજતાં જે લાજે;
ધિક જીવતરમાં ધૂળ, પરમારથ પ્રીછે નાહી;
ધિક જીવતરમાં ધૂળ, દયા નાહિ દીલમાંહી;
કહે ભજનાનંદ ધીકછે, ગો સંત સહાય ન કરી;
સત્ય પુરૂષ સેવ્યા વિના, મનુષ્ય દેહ મીથ્યા ધરી.
તેજ પુત્ર સૂપાત્ર, માત પીતા જે પાળે;
તેજ પુત્ર સૂપાત્ર, નિત્ય દુર્ગુણને ટાળે;
તેજ પુત્ર સૂપાત્ર, ગુણ ગોવીંદના ગાવે;
તેજ પુત્ર સૂપાત્ર, ભલો પરમારથ ભાવે;
વળી તેજ પુત્ર સૂપાત્રછે, દ્વેશ કોઇનો નવ કરે;
કહે ભજનાનંદ ભાવથી, ગુરૂ વચન ધ્યાન માહીધરે.
યહી રીત રજપૂત, પ્રજા પુત્રહિ સમ પાલે;
યહી રીત રજપૂત, દિનનકે દુખકું ટાલે;
યહી રીત રજપૂત, નારીપર નજર ન દેખે;
યહી રીત રજપૂત, પીઠ શત્રુ નહી પેખે;

ખરી રીત યહ રજપૂતકિ, ગૌ સંત દુખ સંતત હરે;
ધન ધામ ગામ સબ જાયતો, પ્રાણ જાય લોનાફરે;
વૃથા નીતિ બીનરાજ, વૃથા ભગતી બિન કાયા;
વૃથા લોભિકો જ્ઞાન, વૃથા કંજુસકી માયા;
વૃથા ત્યાગ બિન જોગ, વૃથા વ્યસની દીલ ડાયા;
વૃથા દયા બિન ધર્મ, વૃથા સ્વપને સુખ પાયા;
કહે ભજનાનંદ ભજન બિના, જન્મ વૃથા ચલજાતહે
સત્ય પુરૂષ સેવ્યા બીના, માર જમનકો ખાતહે

મનહર છંદ.

ધન સુત દારા ઘર, પતંગકો રંગનર;
બખત આવેગો તબ, સબ ઉડ જાયગો;
ફુટ પડે ઝટ કર, પાપરૂપી ઘડો ફુટે;
ફીર વારંવાર મન, માહી પછતાયગો;
ગોવીંદકે ગુણ કબી, મુખકર ગાયે નહીં;
સંકટમે હરિ બિન, સાહ્ય કોન આવેગો;
કહે હે ભજનાનંદ, કર તું બિચાર મન;
સતસંગ બિના સુખ કેહી બીધ પાયગો ૧
માયારૂપી મદમાહી, મતિમંદ અંધ ભયો;
સુઝત ન તોહી કછુ, હાન લાભ જગમે;
બિલી જૈસે મુસકકું, બગ જેસે મછલીકું;

તૈસે તાકી રહ્યો તોકું, કાલ પગ પગમે;
પાપ રૂપિ ઘડો જબ, ભરેહીગો પુરો તબ;
આધી બ્યાધી પિડા તબ, હોવે રગરગમે;
કહે હૈ ભજનાનંદ. કર તું બિચાર મન;
સતસંગ બિના સઠ, ગયો ઠગી ઠગમે. ૨
એક સમે નંદલાલ, સાથ લીયે ગ્વાલબાલ;
અધરપે મૂરલીકું, સુધરકે ધારીહે;
મોતનકી ગલે માલ, લટકતહૈ હિરાલાલ;
નભ બિચ તારે જૈસે, કરત ઉજ્યારીહૈ;
ઇંદુકે સમ બદન, શોભાકો અતિ સદન;
હાથમે [1]લકુટ કંધ, કંબરયા કારીહૈ;
કહે હૈ ભજનાનંદ, સુનહો સુજાણ જન;
મોહનકી મુરલીસે, મોહે નરનારી હૈ. ૩
ધ્યાનીનકો ધ્યાન છુટયો, જ્ઞાનીનકો જ્ઞાન તુટયો;
મુરલીકો શબ્દ સુનો, મોદ મન ભરેહે;
સૂર્ય તો સ્થંભિત ભયો, રથ હાકયો નહીં ગયો;
લલચાયો મનમાસ, બારા ચલ ગયેહૈ;
જમુનાજી થિર ભઇ, ધેનુ ત્રણ તજ દઇ;

---

૧ લાકડી.

શેશનાગ શિશડોલ, રસાતલ રહેહેં;
કહેહે ભજનાનંદ, સુનહો સુજાણ જન;
ચવદાહું લોક બિચ, દેહ બિન ભયેહે; ૪

ઇંદ્રવિજય છંદ.

જો સત સંગત શ્રેષ્ટ મિલેતબ, સંગ કરો સબ કામ બીહાઇ,
જો સતસંગત નાહી મીલે તબ, રામ રટો રસના ચિત લાઇ.
ઓર દયાદિનતા દિલમે ધર, દાન કરો સતપાત્રહુ પાઇ,
કહે ભજનાનંદ સંત સુનો ભવ, તારનકું યહ બાત બતાઇ.

અથ શ્રી પદ રાગ ગરબી.

શ્રી ચોગઠના ગઢવી રામદેથાનાં કરેલાં.

મનના પરપંચ નર મેલીરે, નિત્ય ભજો સતનારાયણ. ટેક.
રાખો મુરતિ ઉરમાં ધરેલીરે. નીત્ય૦ ૧
તમે તનથી ભ્રાંતી ત્યાગીરે. નીત્ય૦
જુવો જ્ઞાન દ્રષ્ટીથી જાગીરે. નીત્ય૦ ૨
જેથી જન્મ મરણ દુખ જાવેરે. નીત્ય૦
થીર ચિત્તમાં શાંતી થાવેરે. નીત્ય૦ ૩
ભરપુર ઉર પ્રેમ ભરીનેરે. નીત્ય૦
ધીરજથી ધ્યાન ધરીનેરે. નીત્ય૦ ૪
ઠગ તાતજી શુદ્ધ કરીનેરે. નત્ય૦

કબુધી સબ દુર કરીનેરે. નીત્ય૦ ૫
દેથા રામ કહે દીલ દઇનેરે. નીત્ય૦
લગની ઉરમાં દ્રઢ લઇનેરે. નીત્ય૦ ૬

પદ ૧ આ જગત અસત જીય જાણોરે.
નીરમળ સત એક નારાયણ. ટેક.
પ્રભુ વીન સઉ વૃથા પ્રમાણોરે. નીરમળ૦ ૧
છે ખલક અનાદી ખોટુંરે. નીરમળ૦
મીથ્યા મમતામાં મોટુરે. નીરમળ૦ ૨
પલમાં દુનીયાં પરલાશેરે. નીરમળ૦
ભૂલે ભભકો એ ભાંસેરે. નીરમળ૦ ૩
નારાયણ છે અવીનાશીરે. નીરમળ૦
જે બ્રમંડ અનંતના વાસીરે. નીરમળ૦ ૪
પરીપુરણ રાખો પ્યારારે. નીરમળ૦
સમરી લ્યો સાંઝ સવારારે. નીરમળ૦ ૫
દેથારામ શીખ શુભ દેછેરે. નીરમળ૦
જોશે તે જાણી લેશેરે. નીરમળ૦ ૬

પદ ૨ મુરતી રસમય મરમાળીરે,
નીરખો સૌ સતનારાયણ. ટેક.
વાંકે નેણે હદવાળીરે. નીરખો૦ ૧
શિર મુગટ અજાયબ શોભેરે. નીરખો૦

લાલનમાં મનડું લોભેરે. નીરખો૦ ૨
કેશરીયે જામે કાજુરે. નીરખો૦
બાંધ્યા બાયે શુભ બાજુરે. નીરખો૦ ૩
ભુજ ચ્યાર અનુપમ ભારીરે. નીરખો૦
ચ્યારેમાં આયુધ ચ્યારીરે. નીરખો૦ ૪
જીવનછે નીરખ્યા જેવારે. નીરખો૦
લખી ઉરમાં ધારી લેવારે. નીરખો૦ ૫
કહે રામદેથો હીતકારીરે. નીરખો૦
એ સઉના પ્રાણ આધારીરે. નીરખો૦ ૬
પદ ૩ ધ્યાને શીવ વીષ્નુ ધારેરે. નીરખો૦

નાથ અખંડ સતનારાયણ. ટેક,
તેના ત્રીવીધી તાપ નીવારેરે, નાથ૦ ૧
ત્રણ ગુણથી ન્યારા તેછેરે. નાથ૦
અજરામર અણકળ એછેરે. નાથ૦ ૨
નારી ઉદર કદી ના આવેરે. નાથ૦
જેહી સમરે સંકટ જાવેરે. નાથ૦ ૩
વનમાળા કંઠ વીરાજેરે. નાથ૦
લાખુ રવીશશી જોઇ લાજેરે. નાથ૦ ૪
છે અનંત ભુવનના સ્વામીરે. નાથ૦
જુગજીવન અંતર જામીરે. નાથ૦ ૫

દેથારામ કે દીલ જાનીરે. નાથ૰
મનક્રમ વચને લ્યો માનીરે. નાથ૰ ૬

પદ રાગ ગરબી.

મળ્યો દેહ મનુષ્યનો અમુલ્યરે સમજોતો બહુ સારૂ. ટેક.
તનછે આ કાચા કુંભ તુલ્યરે. સમજોતો૰ ૧
વાણસતાં નહીં લાગે વારરે. સમજોતો૰
સુજે નહીં એનું સાંજ સવારરે. સમજોતો૰ ૨
નહી એક ઘડીનો નિરધારરે. સમજોતો૰
છે સ્વપ્ના જેવો સંસારરે. સમજોતો૰ ૩
અવીનાશીનો લ્યોને આધારરે., સમજોતો૰
કહ્યું માની ભજો કીરતારરે. સમજોતો૰ ૪
મેડી મંદીર ધર્યા રેહેશે માલરે. સમજોતો૰
હંસ ગયા કેડે શા હાલરે. સમજોતો૰ ૫
દેથારામ કહે આવ્યોછે દાવરે. સમજોતો૰
પછે થાશે ઘણો પસ્તાવરે. સમજોતો૰ ૬

પદ ૧ કા મનસુબા આદરો કરોડરે, ઉડી જાવુંછે એકદી. ટેક.
માટે મનનો ટાળોને મરોડરે. ઉડી૰ ૧
નામ ધારી થાશે બધું નાશરે. ઉડી૰
તેનો રાખો અંતરમાં ત્રાશરે. ઉડી૰ ૨
હાથે હાથે થાવું નહીં હેરાનરે. ઉડી૰

ભાવ લાવી ભજો ભગવાનરે. ઉઠી૦ ૩
રાજ મેલી ગયા કઇ રાયરે. ઉઠી૦
જુવો નજર આગે ઘણા જાયરે. ઉઠી૦ ૪
વૃધ બાળક જોબન કેરે વેશરે. ઉઠી૦
કાળ તાણી જાશે ગૃહી કેશરે. ઉઠી૦ ૫
વદે રામદેથો સત વાતરે. ઉઠી૦
રામ રટન રાખો દીને રાતરે. ઉઠી૦ ૬

પદ ૨ તમે મેલોને મનડાની તાણરે, જન્મ્યું તે જાવાનુ.
હરી ભજનથકી નથી હાણરે. જનમ્યુ૦ ૧
લાજ ન ધરશો લોકનિ લગારરે. જનમ્યું૦
એળે જોજો ખોતા અવતારરે. જનમ્યુ૦ ૨
કાલ આજમાં આવશે કાળરે. જનમ્યું૦
દાસ થઇ ભજો દીનદયાળરે. જનમ્યું૦ ૩
સંસારીયામાં નથી કાંઇ સુખરે. જનમ્યું૦
દીસે જ્યાં જ્યાં જુવોતો સર્વે દુઃખરે જનમ્યુ૦ ૪
ચાઓ સુખતો ચેતી લીયો ચિત્તરે. જનમ્યું૦
પરીબ્રહ્મશું લગાડોને પ્રીતરે. જનમ્યું૦ ૫
દેથોરામ કહે દુનિયાં દેખાવરે. જનમ્યું૦
બન્યો મૃગજળ જેવો બનાવરે. જનમ્યું૦ ૬

॥ अथ नाम महात्म ॥

દોહા.

એક સમે કૈલાસમે, કરી બડ વૃક્ષ નિવાસ;
સતિ દેખ અવસર સુભગ, પ્રશ્ન કીન્હ શિવ પાસ. ૧
જો પ્રસન્ન પ્રભુ મોહિપર, કહહો કથા સુખધામ;
પ્રગટ ઇશ પ્રભુ આપહો, જપહો કોનકો નામ. ૨
નામ મહાતમ પુનિ કહહો, શંકર પરમસુજાન;
કોન જપતહે નામકું, સોહી કરો બખાન. ૩

॥ शिवउवाच ॥

સાવધાન સુનહો સતી, જાકો પુનીત પ્રતાપ;
રામ નામ પરિબ્રહ્મકો, સોહિ જપત મે જાપ. ૪
મહિમા રામસુ નામકો, મુખસે કહ્યો ન જાય;
વેદશાસ્ત્ર પુરાણ સબ, નેતિનેતિ જશ ગાય. ૫
યાતે સંક્ષેપ કહતહો, સુનો દક્ષતનુ જાત;
થોરેમે સમજહી સુજન, પકવ ભયો જીમી ભાત. ૬
ગંગા જાય યદી ગ્રહનમે, કરે ભોમીકો દાન;
ચાર ધામ સહસહિ કરે, તુલ્ય ન નામ સમાન. ૭
તિરથ વરત કોટિ કરે, કોટિ ધેનુકો દાન;
કોટિ મેરૂ કંચન દીયે, તુલ્ય ન નામ સમાન. ૮

રામ નામ સુમરન કરી, ચરન ધરની ધર કોય;
ચરન ચરનપ્રતિ યજ્ઞ ફલ, ભકિત યુકત નર હોય. ૯
રામ નામ સુમરન કરી, કરે સદા જો કામ;
ભવસાગરસે મુક્ત હોય, અંત મિલેગે રામ. ૧૦
રામ નામ સુમરન કરી, ગૃહ ન કરત જો ગ્રાસ;
વ્રત્ત તુલ્ય ફલ હોતહે, નાશ હોત જમ ત્રાસ. ૧૧
રામ નામ સુમરન કરે, પ્રાતસમે નર કોય;
કોટિ વિઘન કટ જાતહે, અંત પરમપદ હોય. ૧૨
રામ નામ સુમરન કરી, સ્નાન કરે નર કોય;
સહસ્ર ગૌકો દાન અરૂ, ગંગા ફલ પુનિ હોય. ૧૩
રામ નામ સુમરન કરી, ભયે બહુત ભવપાર;
નિગમ આગમ સત શાસ્ત્રમે, નામહી જાનો સાર. ૧૪
એક ઘડી આધી ઘડી, ભજત એક ચીત રામ;
જન્મ કોટિકે અઘ જલે, ચીત લહત વિસરામ. ૧૫
ઉમા રામકે ભજન વિન, નરખર અધમ સૂગાલ;
સુકર કુકર સકલતૈ, પરહી કાલકે જાલ. ૧૬
રામ નામ બ્રહ્મા જપે, જપે જનક દીન રાજ;
શુક સનકાદિક સારદા, નારદ હું વિખ્યાત. ૧૭
શેશ સહસ મુખ તે જપે, જપે પવનકો પૂત;
મુનિ વસિષ્ઠ અરૂ વાલમિક, જપે જોગી અબધુત. ૧૮

ભરદ્વાજ લોમશ ભૃગું, કાગ ભુસંડ સુજાન;
ઈંદ્રિ ચંદ્ર ખગપતિ જપત, સદા રામ સુખ ખાન. ૧૯
રામ નામ દેવી જપે, જપે દેવગણ રાય;
ઉમા નામ પરતાપસે, યહ પહેલી પુજાય. ૨૦
રામ નામ અંગદ જપે, જપે ધ્રુવ દીન રાત;
રામ નામ પરતાપતે, કબહુ કાલ નહિ ખાત. ૨૧
શવરી સંજય સુત જપે, જપે બ્યાધ અરૂ બ્યાસ;
ગોવિંદકે ગુણુ ગાવતે, નહિ મિટતહે પ્યાસ. ૨૨

ચોપાઇ.

અજામેળ ગણિકા અઘરાસી, વાલમિક નારદ સુતદાસી;
એહિ વિધ અધમ અમિત જગમાઇ,રામ સુમરી પ્રભુકોપદપાઇ
હનુમાન અંજનીકે જાયે, રામ સુમરી ઉત્તમ પદ પાયે;
અજર અમર અતિ મરે ન મારે, જેહિ ભજેતા કહ દુઃખ ટારે
રામશુ નામ જપે પ્રલ્હાદ, ડારે અગ્નિ કરિ નહિ બાધા;
શશિ સમાન અંગ શીતળતાઇ, દૈત ભગની જલગઇ છનમાઇ
દેખ દનુજ શોચ ભયો ભારી, યહ કોઇ દેવ લીન અવતારી;
બહુરી બાંધ પથ્થર અતિ ભારે, અતિ અગાધ જલનિધિમહડારે
બુડે નાહિ જલપંકજ નાઇ, પાહનપર બૈઠે તીર આઇ;
આય પીતાકું મસ્તક નાઇ, રામ રામ મુખતે ધુનિ લાઇ.
રામ નામ સુનિ ક્રોધ બઢાયો, લઇ ખડગ મારનકું ધાયો;

મારત ખડગ લગે નહિ કૈસે, વજ્ર દેહ પુષ્પ પડે જૈસે.
થાકે હાથ મરે નહી મારે, પુનિ હાથીકે સનમુખ ડારે;
ડરે નાહિ કછુ મનકે માઇ, રામ નામસે પ્રીત લગાઇ.
હાથી તબ પ્રલ્હાદપે આઇ, સનમુખજા ચરનન શીશ નાઇ;
તોહિ દુષ્ટ સમજ્યો કછુ નાહિ, હરિ માયા સુબુદ્ધિ ભરમાઇ.
બહુ વિધ શોચ કરત મનમાંહી,કેહિવિધ મરે અસકરૂ ઉપાઇ;
પુનિ હળાહળ વિષ પીલાયો, હરિ કૃપા અમૃત ગુણ આયો.
જીવત દેખ દુઃખ ભયો ભારી, પર્વતસે પુનિ દીન્હ પછારી;
કંદુકઇવ પ્રભુ લીન્હ ઉઠાઇ, રામ પ્રતાપ સદા સુખદાઈ.
પુનિ ખડગલે મારન ધાઇ, રામ કહા મોહિ દેઉ દીખાઇ

॥ प्रल्हादउवाच ॥

મોમે તોમે સર્વસ રામા, હરિ બિન કછુ ખાલી નહી ઠામા;
સુનત બચન બોલ્યો રીસાઇ, થંબકે બીચે દેઉ દીખાઇ.
તબહિ રૂપ નરસિંઘકો ધારી, સિંઘ સમાન ગર્જત ભયકારી;
ગર્જત થંભ તબહિ ફટ ગયેઉ, ભુમંડલ કંપીત અતિ ભયેઉ
પ્રગટ ભયે થંભ તે પ્રભુ જબહી, દનુજ ધડક ફડક ભયે તબહી
બીકટ બદન અતિ દંત કરાલા, કટકટાટ કીન્હ શબ્દ બીશાલ

છપા.

થરર થંભ જબ ફટે, ઘટે ધીરજ સબ ઉરકે;

ફટે દૈત અટ પેટ, ધુરૂર નરસિંઘ જબ ધુરકે.
ભએ સકલ ભયભીત, ચીત વિપરીત અસુરકે;
દનુજ બધુ સબ ડરહી, ઝરહી ગર્ભ મરહિ ઝુરકે.
કહે ભજનાનંદ ક્રોધ કરી, નરસીંઘ રૂપ પ્રગટ કિયો;
તબી લપટ ઝપટ ગોદનમે લીન્હ, પ્રાણ એક છીનમે લીયો.
સમુદ્ર છોરી મર્યાદ, મેઘ સમ ગર્જન લાગ્યો;
ભુધર ડગમગ ભએ, વિષ્ણુ નિંદ્રાસે જાગ્યો;
થરર શેષ પાતાલ, ખરર તારાગણ ખરહી;
ધડડ ધરણી ધસ ગઇ, કડડ વૃક્ષાદીક પરહી;
કહે ભજનાનંદ ક્રોધ કરી, નરસીંઘ રૂપ પ્રગટ કીયો;
તબી દનુજ મનુજ સુરનાગકો, અભિમાન ઉર ધડ ગયે.

સોરઠ.

પ્રાણ ગએ પલમાય, પકર પચ્છાર્યો ભોમીપે;
યહિ વિધ કીન્હી સહાય, સુનહો સતિ બહુ ભકતકી.

દોહા.

રામ નામ પરતાપતે, ઉગરે અધમ અપાર;
કહા લગી બરનન કરૌ, કોઉ ન પાવે પાર.
કષ્ટ હરન સુખકો કરન, રામ નામ જગ સાર;
તાહિ તજી જો મુકિત ચહે, સો મુરખ સરદાર.
શ્રવણ પઠન જો યાહિકો, કરત ઉમા નર કોય;

ભુત પ્રેત પીશાચ ગૃહ, દુઃખ કબહુ નહિ હોય.

॥ श्लोक ॥

यइदंनाममाहात्यंसृणुयादंतकालतः ॥
सचपापविनिर्मुक्तःपदंगच्छत्यनामयं ॥ १
यइदंनाममाहात्म्यंपठतिभक्तिसंयुतं ॥
इहलोकेसुखंभुत्कापरत्रसुखमाप्नुयात् ॥ २

દોહા.

નામ માહાત્મ શ્રવણ કરી, પ્રગટ ભયો અતિ પ્રેમ;
રામ નામ રટુ સ્વાસ પ્રતિ, લીન્હ ઉમા યહ નેમ.
ઇતિ શ્રી શિવ બોધ અંતરગત નામ માહાત્મ્યં સંપુર્ણ.

જીભને શીખામણ--રાગ પ્રભાતી.

જીભલડીરે તુને હરિ ગુણ ગાતા, આવડું આળસ કયાંથીરે;
સવરી કરતાં નવરાઇ ન મળે, બોલી ઉઠે મુખમાંથીરે. ટેક.
પરનિંદા કરવામાં પુરી શુરી ખટરસ ખાવારે;
ઝઘડો કરવા ઝુઝે વહેલી, કાયર હરિગુણ ગાવારે. જીભ૦
અંતકાળે કોઇ કામ ન આવે, વાહાલા વેરીની ટોળીરે;
સ્વજન ધારીને સરવસ લેશે, રહેશો આંખો ચોળીરે. જીભ૦
તલ મંગાવોને તુળશી મંગાવો, રામ નામ સંભળાવોરે;

પ્રથમ તો મસ્તક નહી નમ તો, પછીશું નામ શુણાવોરે. જી૦
ઘર લાગ્યા પછે કુપ ખોદાવે, આગ એ કેમ ઓલવાશેરે;
ચોરો તો ધન હરિ ગયા, પછે દીપકથી શું થાશેરે. જીભ૦
માયા ઘેનમાં ઉંઘી રહેછે, જાગીને જો તું તપાસીરે;
અંત સમે રોવાને બેઠી, પડી કાળનો ફાંસીરે. જીભ૦
હરિગુણ ગાતાં દામ ન બેસે, વાલ એક ન ખરશેરે;
કહે નરસીયો સત નારાયણનાં ભજનથકી ભવતરશે. જીભ૦

॥ श्लोक ॥

आदौरामतपोवनादिगमनंहत्वामृगंकाचनं ॥
बैदेहीहरणंजटायुमरणंसुग्रीवसंभाषणं ॥
बालीनिग्रहनंसमुद्रतरणंलंकापुरीदाहनं ॥
पश्चाद्रावणकुंभकरणहननमेतद्धिरामायणं ॥
आदौदेवकिदेवगर्भजननंगोपिगृहेवर्धनं ॥
मायापूतनजीवतापहरणंगोवरधनोद्धारणं ॥
कंसादिछेदनकौरवादिहननंकुंतिसुतापालनं ॥
एतद्भागवतपुराणकथितंश्रीकृष्णलीलामृतं ॥

ઠુમરી.

રથપે રઘુનંદન આવતહે, ચલો સખી દર્શનકું જઇએ;
રથપે રઘુનંદન આવતહે ટેક.

રામરે લછમન ભરત શત્રુઘન, હનુમત ચમર ઢુલાવતહૈ. રથ૦
શુભ ઝાંઝ બજે મૃદંગ બજે, મુનિનારદ વિણા બજાવતહૈ ર૦
દેવાંગના સબ બૈઠ વિમાનમે, પુષ્પકી વૃષ્ટી વર્ષાવતહૈ. રથ૦
કહે તુલસી શિવ અરૂ સનકાદિક ગોવિંદકે ગુણ ગાવતહે રથ૦

પ૬.

પ્રેમરસ તેના ઉરમાં ઠરે, જે કોઇ હરિનો અંશ અવતરે. ટેક.
સિંઘણ કેરૂં દુધ એતો, સિંઘણ સુતને જરે;
કાંચન પાત્ર વિના ધાતુને ફોડી બાહેર નિસરે પ્રેમ૦
સાકર સકળ જગતનુ જીવન ખરના પ્રાણજ હરે;
મીઠા જળનું માછલું તે ખારા જળમાં મરે. પ્રેમ૦
સ્વાતી નક્ષત્રનું જળ તેતો સિપમાં જ્યારે ખરે;
અતિ ઉત્તમતા મુકતાફળ ઉપજે એરૂમુખ વિષઝરે પ્રેમ.
કહે પ્રીતમ હરિની ભકિતમાં હરિજનનો હીયો ઠરે;
મંદ અભાગી જાણી જોઇ બળીબળીને મરે. પ્રેમ૦

ઉઠી પ્રભાત સુમર લીયે શ્રી ગણેશ દેવા
એ રાગની પ્રભાતિ ૧.

ઉઠી પ્રભાત નાથ સાથ ચીત્ત દઇ સેવો,
બ્રહ્મા વિષ્ણુ ભજન કરત ધરત ધ્યાન દેવો. ટેક.
મુરતિ ગોરવય કીશોર, છબી અનુપમ છાજે;

ઊર વિશાલ મુકતમાલ, ભાલતીલક ભ્રાજે. ઉઠી૦
મંદહાસ ચંદ્રવાસ, મુખ પ્રકાશ ભાસે;
દર્શન કરત દીવ્ય દ્રષ્ટી, દીલ તીમર નાસે. ઉઠી૦
ભજનાનંદ ભજે દેવ, સર્વના સ્વામી;
સુતવીત ધામ ગામ દેત બહુ નામી. ઉઠી૦

પ્રભાતીયું ૨.

જગન્નાથ ગ્રહી હાથ રાખો સાથ મુજને,
વિનતી સાથ જોડી હાથ નમુ માથ તુજને. ટેક.
દીનદયાળ પ્રતીપાળ કાળજાળ કાપો,
ભકિત મુકિત શુભ શકિત આજ મુને આપો. જગ૦
પ્રભુ શરન મરન હરન કરન સુખકારી,
એમ જાણી માની મનવાણી વીસતારી. જગ૦
ભજનાનંદ દુઃખ કંદ બંધ ભવભારી,
નાથ સાથ ગ્રહી બાથ લ્યોને ઉગારી. જગ૦
અરે કુદરતનાં કરનાર ખલકના સ્વામી એ રાગ.

લાવણી.

તમે સત્ય નારાયણ દેવ દીલ દઇ સેવો,
કળજુગમાં મોક્ષદાયક મારગ નહી એવો. ટેક.

મુરતી ગોરી મનોહર ભુજ ચાર શુભ ભારી,
શુભ શંખ ચક્ર ગદા કમલકર ધારી. તમે સત્ય૦
શિર મુગટ શોભતો જડીત રત્નથી ઝળકે,
કોટિ શશિ સુર્યથી કાંતી તેજ અતિ ચળકે. તમેસત્ય૦
મુકતમાલ ઉર વિશાલ ભાલ શુભ ભારી,
હાસ્ય વદન કમલ નયન મહાસુખકારી તમે સત્ય૦
શોભે સંત મહંત અનંત ધ્યાન નીત ધરતાં,
હાથ જોડી ઉભા સનમુખ વિનતિ કરતાં. તમે સત્ય૦
રતિસમ અંગ અનુપ અપસારા રાજે,
થઇ તાત થઇ થઇ તાત વાજીંત્ર વાજે. તમે સત્ય૦
ધીનકટ શબ્દ ધીનકટ મૃદંગમાં બોલે,
શિવ વિષ્ણુ સંતસુર પ્રેમ મગનમાં ડોલે. તમે સત્ય૦
જેમનો કામના સિદ્ધ સર્વ તે હોવે,
ભજનાનંદ ભવનું દુઃખ પ્રભુ સબ ખોવે. તમે સત્ય૦

પદ રાગ ભૈરવી ઠુમરી.

તારી મુરતીમાં મન મારૂં મોહ્યું
મન મારૂં મોહ્યું નહી જાય કહ્યું. ટેક.
શિશ મુગટ મકરાકૃત કુંડલ,
શંખ ચક્ર ગદા કમલ ગ્રહ્યું તારી મુરતી૦

કોટિ શશિ સૂર્ય્ય થકી કાંતિ,
તેજ અધિક નહિ જાય જોયું. તારી મુરતી૦
પંકજ લોચન શોચ વિમોચન,
એવું રૂપ મારા રૂદયે રહ્યું. તારી મુરતી૦
કહે ભજનાનંદ તમ દર્શનથી,
સબ દુઃખ ગયું મહા સુખ થયું. તારી મુરતી૦

સમાપ્ત.

આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોના નામ તથા ગામ
રાજ ભાવનગર—પ કરીને મીંડું દીધેલ તે
પટેલ સમજવું તથા મુ કરીને મીંડું
દીધેલ તે મુકામ સમજવું

---

૧ પ. લાખા પ્રાગ	મુ૦ રેવા
૧ પ. ગીગા પચા	,, રેવા
૧ પ. નારાયણ કાળા	,, રેવા
૧ પ. મીઠા પ્રાગ	,, રેવા
૧ પ. હરજી કાનજી	,, રેવા
૧ ગોહેલ. જયસીંગજી ગગજીભાઇ	,, રેવા
૧ સાધુ આનંદરામ કૃષ્ણદાસ	,, રેવા
૧ ઠક્કર બેચર નાગજી	,, ટીંબી
૧ ઠકર વાલજી નાગજી	,, ટીંબી
૧ ઠકર વીરજી શામજી	,, ધોળાજંકશન
૧ પ. રણછોડ હરી નાવડીઆ	,, ધોળા ,,
૧ પ. ગોવીંદરામજી ભીંગરાડયા	,, ધોળા ,,
૧ પ. દેવજી ખોડા નાવડીઆ	,, લંગાળા

૧ મેહેતા પુંજા ધારા	,, લંગાળા
૧ પંડયા ગંગારામ મહાદેવ	,, લંગાળા
૧ ભાવસાર હરજી માનસીંગ	,, લંગાળા
૧ ગે.હેલ કાળુભાઇ બાપજીભાઇ	,, લંગાળા
૧ ગોહેલ ભાણજી વાઘજી	,, લંગાળા
૧ વિપ્ર કુબેરદાસ શીરમાળી	,, ઉમરાળા
૧ પ. લાખા જયરામ કાનાની	,, જુનાસાવર
૧ પ. દેવરાજ કાનાની	,, જુનાસાવર
૧ પ. કુરજી પુંજા કાનાની	,, જુનાસાવર
૧ દરજી કાન્હજી	,, જુનાસાવર
૧ દરજી દેવરાજ	,, જુનાસાવર
૧ પ. નરસી કાળા	,, જાતુરાડ
૧ સીંઘવી મુળજી ભગા	,, માંડવા
૧ શેઠ ભુરા અંબા	,, માંડવા
૧ મેહેતા જીવન પુંજા	,, માંડવા
૧ ભક્ત દેવસી	,, માંડવા
૧ પ. બેચર પદમા કાચરડીયા	,, જલાલપુર
૧ પ. કેશવ જસા કાચરડીયા	,, જલાલપુર
૧ શા. લવજી વીરજી વળીયા	,, જલાલપુર

૧ સોની ગીગા વિઠલ ,, જલાલપુર
૧ ગોહેલ માવસીંગજી સબળાભાઈ ,, જલાલપુર
૧ શા. જીવન ભવાન ,, જલાલપુર
૧ મેતા પ્રતાપરાય અવલરામ કીકાણી ,, દસા
૧ ભટ અંબાશંકર રઘુનાથ ,, વિકળયા બે
લનાથનાપુજારા
૧ નાયક મોતિ ગગજી ,, કડી
૧ નાયક અમરસી લખમીચંદ ,, કડી
૧ નાયક ગીરધર ઉમેદ ,, અમદાવાદ
૧ નાયક નાગરદાસ મયારામ ,, અમદાવાદ
૧ ભકત બાવા દેવજી કુંડાસના ,, કસબેકલોલ
૧ ગઢવી દેવાનંદ પેથાભાઇ ,, હનુમતિયું
૧ શા. વનમાળી ગોવિંદજી ,, હનુમતિયું
૧ પ. અર્જુન પાચ્યા ,, લાખાવાડ
૧ પ. દયાળ જસમત ,, ભુતીયું
૧ કોળી નાનજી રણછોડ ,, ભુતીયું
૧ મેહેતા વછરાજ રૂપસી ,, માસીઆળા
૨ ભુતા નાનજી કાન્હજી ,, પીપરડી
૧ દેશાઇ ભવાન માધવજી ,, પીપરડી

१ દેશાઇ પુરૂષોતમ હરજીવન ,, પીપરડી
१ દીવ્ય છગનલાલ દેવશંકર ,, ઘોલરામાં
१ પંડયા મગન મોહનજી ,, ઘોલરામાં
१ પ. જેઠા ભગવાન ,, ઘોલરામાં
१ ગોહેલ સુજાભાઇ ,, ઘોલરામાં
१ વ્યાસ સુરેસ્વર રઘુનાથ ,, ધારૂકા
१ ગોહેલ પાતાભાઇ ગુમાન સીંગ ,, ધારૂકા
१ ગોહેલ માલભાઇ જેમાભાઇ ,, માલપુરા
१ દેશાઇ જેઠાલાલ ખુશાલચંદ ,, ચોગઠ
१ દેશાઇ રણછોડ ઘોળા ,, ચોગઠ
१ દેશાઇ હરગોવિંદ ઘોળા ,, ચોગઠ
१ દેશાઇ ત્રિભોવન જીવરાજ ,, ચોગઠ
१ દેશાઇ પુરૂષોતમ વીરજી ,, ચોગઠ
१ પ. હરખા દેવજી ,, ચોગઠ
१ વિપ્ર ત્રિભોવન હીરજી ,, ચોગઠ
१ રાવળ મુળુભાઇ કનુભાઇ ,, ચમારડી
१ રાવળ વિસાભાઇ હમીરજી ,, રતનપુર
१ વાળા ખોડાભાઇ અજુભાઇ ,, ઉમરાળા
१ ગોહેલ પાતાભાઇ ખોડાભાઇ ,, સણોસરા

૧ ગોહેલ રામસીંઘ ખોડાભાઇ ,, સણોસરા
૧ બ્રહ્મભાટ મથુરજી વસુજી ,, સણોસરા
૧ બારોટ ભીમજી પ્રેમજી ,, સણોસરા
૧ ગોહેલ દાદભા ભાણાભાઇ ,, ધરવાળું
૧ ગોહેલ અમરસીંગ ભાણાભાઇ ,, ધરવાળું
૧ ગોહેલ જસવતસીંગજી તથા કલ
ભા કીકાભાઇ ,, ગઢુલા
૧ સોની વલ્લભ મોતિ ,, ઇસ્વરીયા
૧ ખત્રી આનંદજી જીવરાજ ,, ઇસ્વરીયા
૧ ત્રવાડી આનંદજી પ્રાગજી ,, ઇસ્વરીયા
૧ ત્રવાડી વેણીરામ પ્રાગજી ,, ઇસ્વરીયા
૧ મેહેતા રાઘવજી પુંજા ,, ઝાંજમેર
૧ ૫. રાજા હકા બુધેલચા ,, ઝાંજમેર
૧ બારોટ હીરજી જેઠા ,, બજુડ
૧ વાળન માવજી શામા ,, નાનું સુરકુ
૧ ભગત દેવજી ફુલજી ,, લાખેણી
૧ સાધુ રામદાસજી ,, જમનવાય
૧ સોની ત્રીભોવન દયાળ ,, બડોદ
૧ ડાંગર દેવાનંદ રાયમલ ,, લાખાવાડ

૧ ઠક્કર પીતાંબર મનોર		,,	પરવાળા
૧ ઠક્કર ખેમજી મનોર		,,	પરવાળા
૧ ઠક્કર નાગજી મનોર		,,	પરવાળા
૧ ઠક્કર જીવન નાનજી		,,	પરવાળા
૧ પ. કુરજી શામજી	નાવડીયા	,,	પરવાળા
૧ પ. ભીમો અરજુન	વાઘાની	,,	પરવાળા
૧ ભક્ત રતનો ભવાન		,,	પરવાળા
૧ પ. લાવા કુંથા ઢેઢી		,,	પરવાળા

જાહેર ખબર.

આ ગ્રંથ તથા શિવબોધનાં ગ્રંથ ઠેકાણું ધોળાજંક્-સન ગામમાં ઠકર વીરજી શામજી પાસેથી મળશે તથા શિવબોધ નામનો ગ્રંથ રજીષ્ટર કરેલ તેનાં જેણે છાપવાની ઇચ્છા હોય તેણે રજા છે..